## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ, આત્મા પ્રોજેક્ટ અને ખેડૂત તાલીમ કેન્દ્ર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કૃષિ મેળો-વ-કૃષિ પ્રદર્શન-૨૦૧૯ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અરણેજ, આત્મા અને ખેડૂત તાલીમ કેન્દ્ર અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કૃષિ મેળો-વ-કૃષિ પ્રદર્શનનું આયોજન તા. ૦૨ અને ૦૩ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ ખાતે યોજાયું. આ કૃષિ મેળામાં અમદાવાદ જીલ્લાના દરેક તાલુકાના જુદા-જુદા ગામો માંથી આશરે ૩૦૦૦ જેટલા ખેડૂતભાઈઓ અને બહેનોએ કાર્યક્રમનો લાભ લીધો હતો.

આ કૃષિ મેળામાં આ વિસ્તારના માનનીય સાંસદ સભ્ય, શ્રીદેવુસિંહ ચૌહાણ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહીને ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી પધ્ધતિ અપનાવવા માટે અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અરણેજની મુલાકાત લઇને ખેતી લક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે અનુરોધ કર્યો હતો અને સાથે સાથે પ્રધાનમંત્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના અતિથિ વિશેષ ડૉ. અરુણભાઈ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, શ્રી કિરીટસિંહ ડાભી, ચેરમેનશ્રી, શિક્ષણસમિતિ, જીલ્લા પંચાયત અમદાવાદ, સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ), શ્રીમતી કમલાબેન છાયા,પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા અમદાવાદના ડૉ. વી. એમ. બથાર તથા ખેડૂત તાલીમ કેન્દ્રના તાલીમ અધિકારી શ્રીમતી હીનાબેન પંડ્યા ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના ડૉ. જીગર એચ. પટેલ, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન) દ્વારા આદર્શ પશુપાલન અંગે ખેડૂતભાઇઓ બહેનોને માહિતી આપવામાં આવી. ત્યારબાદ, ઇજ. ડી. જે. રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિઇજનેરી) દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો પરિચય આપ્યો હતો અને સફળખેતી માટેના પાયાના મુદ્દાઓ વિષે જાણકારી આપી હતી. ત્યારબાદ અમદાવાદ જીલ્લાના પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું અને વિવિધ હરિફાઇઓમાં ભાગ લીધેલ ખેડૂતોને પ્રોત્સાહન ઇનામ અને વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન ખેડુતોએ કૃષિ પ્રદર્શનનાં વિવિધ સ્ટોલની મુલાકાત લઇ કૃષિ તજજ્ઞતાઓની પ્રત્યક્ષ જાણકારી મેળવી અને યોજવામાં આવેલ કૃષિ ગોષ્ટી, પ્રશ્નોત્તરીમાં રસ પૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૃષિ સંસોધન કેન્દ્રના વડા શ્રીએચ.બી.પટેલ તથા સ્ટાફ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. જે. એચ. પટેલ, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન), ઇજ. ડી. જે. રંગપરા વૈજ્ઞાનિક (કૃષિઇજનેરી), ડૉ. જી. આર. જાડેજા વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન), શ્રી. કે. એન. રણા

(ફાર્મમેનેજર), શ્રી. બી. આર. પંચાસરાએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. જે. કે . પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતિમ ચરણમાં શ્રીમતી હિનાબેન પંડ્યા, તાલીમ અધિકારી દ્વારા આભાર દર્શન રજૂ કરી ઉદઘાટન કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

**કાર્યક્રમનીઝાંખી**

